ખાનગી

# ગુજરાત યુનિવર્સિટી

## એકિઝક્યુટિવ કાઉન્સિલ

ગુજરાત યુનિવર્સિટીની એકિઝકયુટિવ કાઉન્સિલની સભા રવિવાર તા. ૨૬/૦૯/૨૦૧૦ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડો. પરિમલભાઇ એચ. ત્રિવેદીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી:

| ક્રમાંક | સભ્યનું નામ | તા.૨૬/૦૯/૨૦૧૦ |
|---|---|---|
| ૧. | ડો. પરિમલ એચ. ત્રિવેદી, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, | ગેરહાજર |
| ૩. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન | ગેરહાજર |
| ૫. | ડૉ. દેસાઇ કેતન ધીરજલાલ | ગેરહાજર |
| ૬. | શ્રી હિમાંશુ વિઠ્ઠલભાઇ પટેલ | હાજર |
| ૭. | ડૉ. જયેશ અમૃતલાલ ઠકકર | ગેરહાજર |
| ૮. | પ્રિ. ડૉ. ઉપાધ્યાય પ્રદ્યુમન ચંદ્રકાન્ત | ગેરહાજર |
| ૯. | પ્રિ. ડો. મહેતા ગીતા પ્રાણલાલ | હાજર |
| ૧૦. | પ્રિ. ડૉ. સી.પી.પટેલ | ગેરહાજર |
| ૧૧. | પ્રો. શ્રીમતી એસ. આર. પંડયા | હાજર |
| ૧૨. | પ્રો. નિતીનભાઇ ડાહ્યાભાઇ શાહ | હાજર |
| ૧૩. | પ્રો. મહેશ સી. પટેલ | હાજર |
| ૧૪. | પ્રો. દિગ્વિજયસિંહ ધનશ્યામસિંહ ગોહેલ | હાજર |
| ૧૫. | પ્રિ. સુભાષ બ્રહ્મભટ્ટ | હાજર |
| ૧૬. | ડૉ. એચ.પી.ભાલોડીયા | હાજર |
| ૧૭. | શ્રી નરહરિભાઇ એચ. અમીન | હાજર |
| ૧૮. | શ્રી દોશી મનીષ એમ. | ગેરહાજર |
| ૧૯. | ડો. મુકુલભાઇ શાહ | હાજર |
| ૨૦. | શ્રી ગિરીશ ચૌધરી | ગેરહાજર |
| ૨૧. | શ્રી ગૌરાંગ પટેલ | હાજર |
| ૨૨. | પ્રો. શશીરંજન યાદવ | ગેરહાજર |
| ૨૩. | શ્રી દેવાંગ નાણાવટી | ગેરહાજર |

સભાની શરૂઆતમાં પ્રમુખસ્થાનેથી માન.કુલપતિશ્રીએ સભ્યશ્રીઓને આવકારીને 'એકેડેમિક કાઉન્સિલમાં થયેલા નિર્ણયોની જાણકારી આપી હતી.

ગુજરાત યુનિવર્સિટી જયારે "હીરક જયંતિ" વર્ષની ઉજવણી કરી રહી છે ત્યારે તેનું ગૌરવ અને વૈશ્વિક પ્રતિષ્ઠામાં વધારો થયા અંગેની માહિતી આપતા માન.કુલપતિશ્રીએ જણાવ્યું હતું કે " ઇન્ડીયા ટૂડે " ના ૨૦ સપ્ટેમ્બરે પ્રસિધ્ધ થયેલા અઠવાડિક સામાયિકે નામાંકિત યુનિવર્સિટી તરીકે ગુજરાત યુનિવર્સિટી ધ્વારા સમયની માંગ પ્રમાણે પરિવર્તન કરીને અત્યાધુનિક સીમા ચિન્હરૂપ અભ્યાસક્રમો શરૂ કરવાના કાર્યને " New Output " તરીકે બિરદાવ્યું છે. " ઇન્ડીયા ટૂડે " સામાયિકે આ તમામ નવા અભ્યાસક્રમોને સૌ કોઇનું તે તરફ ધ્યાન ખેંચાય તે રીતે હાઇલાઇટ કર્યા છે અને તેથી વિશ્વમાં ગુજરાત યુનિવર્સિટીનું સ્થાન વધુ મજબુત બન્યું છે. આ ગૌરવશાળી સિધ્ધિ હાંસલ કરવા બદલ સભ્યશ્રીઓએ પણ માન.કુલપતિશ્રીને અભિનંદન પાઠવ્યા હતા.

માન.મુખ્યમંત્રીશ્રીના સપનાને સાકાર કરતી સફળતાના શિખરો સર કરતી "વાંચે ગુજરાત" ની યોજનાને બિરદાવીને ગમતા પુસ્તકો વિધ્યાર્થીઓને ભવનની કે સેન્ટ્રલ લાયબ્રેરી ખાતે વાંચવા માટે દાનમાં આપીને આ અભિયાનને આગળ વધારવા માટે માન. કુલપતિશ્રીએ તમામ સભ્યશ્રીઓને અપીલ કરી હતી.

**બા.ક.૧** તા.૧૬/૭/૨૦૧૦ના રોજ મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલની સભાની નોંધ મંજુર કરવા બાબત.

**ઠરાવ** **તા. ૧૬/૦૭/૨૦૧૦ના રોજ મળેલ એકિઝકયુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.**

બા.ક.૨ કુલપતિશ્રીએ મંજુર કરેલા નીચેના કાર્યો (જાણસારૂ)

૨(૧) યુનિવર્સિટી બોર્ડ ઓફ સ્પોર્ટસની રચના અંગે ઓર્ડિનન્સ-૦૭-ની પેટા કલમ (૦૬) અને (૦૭) અન્વયે વર્ષ ૨૦૧૦-૧૧ માટે નીચે મુજબ અમદાવાદ વિભાગ અને દક્ષિણ વિભાગમાંથી એક એક વ્યાયામ શિક્ષક અને આંતર યુનિવર્સિટીમાં ભાગ લીધેલ એક એક વિધાર્થી પ્રતિનિધિની એક વર્ષ માટે માન.કુલપતિશ્રીએ નિયુકત કર્યાનું કાર્ય જાણસારૂ.

| પેટા કલમ | અમદાવાદ વિભાગ | દક્ષિણ વિભાગ |
|---|---|---|
| ૬- અન્વયે એક વ્યાયામ શિક્ષક | ૧. પ્રા.આર.આઇ.પંડયા ગુજરાત કોમર્સ કોલેજ, અમદાવાદ | ૧.પ્રા.કે.જે.ચૌધરી આર્ટસ-કોમર્સ-સાયન્સ કોલેજ,ખંભાત |
| ૭- અન્વયે એક વિધાર્થી પ્રતિનિધિ | ૧.શ્રી સુરજ દેસાઇ એચ.એલ.કોમર્સ કોલેજ.અમદાવાદ | ૧.ડામોર નીલાબેન એન. દેવગઢબારીયા કોલેજ,દેવગઢબારીયા |

૨(૨) યુનિવર્સિટીના સમાજવિધાભવનમાં લેકચરર તરીકે ફરજ બજાવતાં શ્રી પ્રદીપ પ્રજાપતિએ કેરીયર એડવાન્સમેન્ટ હેઠળ તા.૨૬-૬-૧૦ થી ૨૮-૬-૧૦ દરમ્યાન પ્રોફેસર પ્રમોશન અંગે યોજાયેલ ઇન્ટરવ્યું રદ કરવા ગુજરાત યુનિવર્સિટી સર્વિસીઝ ટ્રીબ્યુનલમાં કરેલ અરજી નં-૨૨/૧૦ ટ્રીબ્યુનલે તેના તા.૨૫-૬-૧૦ના ચુકાદાથી કાઢી નાખેલ તેને તેઓએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં અરજી નં-૭૭૨૫/૨૦૧૦થી ચેલેન્જ કરેલ છે.તે અંગે વકીલ રોકયાનું તથા આનુષગીંક ખર્ચ મંજૂર કર્યાનું.

૨(૩) તા.૦૧-૦૧-૨૦૧૦થી મોંઘવારી ભથ્થાના દર ૮૭% થયાનું (૭૩+૧૪) તે અંગેના રાજય સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક-વલભ/૧૦૨૦૧૦-જીઓઆઇ-૪-ચ.તા.૨૦-૭-૨૦૧૦નો સ્વીકાર કરી તેનો યુનિવર્સિટીમાં પાંચમું પગારપંચ મેળવતા કર્મચારીઓ માટે અમલ કર્યાનું.

૨(૪) ગુજરાત સરકાર,સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગરના ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામતા કર્મચારીઓના આશ્રિત કુટુંબને રહેમરાહે નોકરી આપવા બાબતના ઠરાવ ક્રમાંક-ભરત-૧૦૨૦૦૪-૩૮૫-ક. તા.૧૫-૬-૨૦૦૪ મુજબ વર્ગ-૩ના કર્મચારીને રૂા.૨૫૦૦/- અને વર્ગ-૪ના કર્મચારીને રૂા.૧૫૦૦/- ફીકસ પગાર પ્રતિમાસમાં નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક-ખરચ-૨૦૦૨-૫૭-ઝ-૧-તા.૨૯-૪-૨૦૧૦ મુજબ મે-૨૦૧૦થી વર્ગ-૩ને રૂા.૪૫૦૦/- અને વર્ગ-૪ કર્મચારીને રૂા.૩૫૦૦/- ફીકસ પગાર પ્રતિમાસ ચૂકવવા મંજુર કર્યાનું.

૨(૫) કપડવંજ એમ.બી.એ.કોલેજના Sem-IIIના વિધાર્થી શાહ રીતેષ અરૂણભાઇના પરિણામ બાબતે નામદાર હાઇકોર્ટના SPCA No.૫૩૯૦/૨૦૧૦-તા.૨૪-૭-૧૦થી દાખલ કરેલ કેસ અંગે એડવોકેટશ્રીની નિમણૂંક કર્યાનું તથા તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું.

૨(૬) D.M.Cardiologyના વિધાર્થીશ્રી ડૉ.મનોજકુમાર બંસલની Special civil application No.૮૦૯/૨૦૧૦ના કેસ માટે એડવોકેટ રોકયાનું તેમજ તે અંગેનો આનુષાંગિક ખર્ચ મંજુર કર્યાનું.

૨(૭) પ્રો.રંજના એચ.ત્રિવેદી દ્વારા E.C.ની ચૂંટણી સંદર્ભે નામદાર હાઇકોર્ટે કરેલ રીટ પીટીશન નં.Misc.civil. Applic.No.૨૩૨૮ of ૨૦૧૦ તથા SCA No.૮૯૫૮ of ૨૦૦૯માં એડવોકેટ રોકયાનું તેમજ તેનો આનુષાંગિક ખર્ચ મંજૂર કર્યાનું

૨(૮) ગુજરાત યુનિવર્સિટીના જાહેરાત એજન્ટની નિમણુંક કરવા માટે વર્તમાનપત્રોમાં આપેલી જાહેરાતના અનુસંધાનમાં આવેલ ટેન્ડરો પૈકી આપણી યુનિવર્સિટીમાં છેલ્લા ઘણા વર્ષોથી સંતોષકારક સેવાઓ આપતા અને ૧૪% કમિશન આપતા K.Shah & Co.ને તા.૧-૯-૨૦૧૦થી ત્રણ વર્ષ માટે જાહેરાતના એજન્ટ તરીકે નિમણુંક કરવાનું મંજૂર કર્યાનું.

૨(૯) યુનિવર્સિટીના લેડીઝ હોસ્ટેલમાં વોર્ડન તરીકે ફરજ બજાવતા શ્રીમતી રોહિણીબેન શાહ તા.૧૪-૬-૦૯ના રોજ નિવૃત થતા તેમની મુદત લંબાવવા અંગે નિમેલ કમિટીની ભલામણ મુજબ વોર્ડનની જગ્યા ઉપર બીજી વ્યવસ્થા ન થાય ત્યાં સુધી અથવા તેઓ ઇચ્છે ત્યાં સુધી રૂ.૫૦૦૦/-ના માસિક માનદ વેતન તથા વોર્ડન માટે ફાળવેલ મકાન ૧૫-૬-૦૯થી રેન્ટ ફ્રી રહેવા આપ્યા અંગેનું.

**૨(૧૦)** નવગુજરાત કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન,આશ્રમ રોડ,અમદાવાદ-૧૩ની શૈ.વર્ષ.૨૦૧૦-૧૧નું બી.સી.એ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની LIC નીમ્યાનું.
(૧)ડૉ.(શ્રીમતી)આર.જી.ભટ (૨)ડૉ.સવિતાબેન ગાંધી (૩)ડૉ.વાય.ટી.જશરાય(૪)ડૉ.એમ.વી.રાવ

**૨(૧૧)** એમ.એમ.ગાંધી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,કાલોલ,જી.પંચમહાલની બી.એ.માં કોમ્પ્યુટર મેથડસ અને બી.કોમ.માં બિઝનેશ ઓપરેશન વિષયનું શૈ.વ.૨૦૧૦-૧૧નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.
(૧)ડૉ.(શ્રીમતી)આર.જી.ભટ (૨)ડૉ.સોનલબેન પંડયા (૩)ડૉ.નીશાબેન શાહ (૪)પ્રિ.ડૉ.ગીતાબેન મહેતા

**૨(૧૨)** સ્વામિ વિવેકાનંદ એજયુકેશન ટ્રસ્ટ એમ.એડ.કોલેજ,મુ.પો.વેડા,જી.ગાંધીનગરની શૈ.વર્ષ.૨૦૧૦-૧૧નું એમ.એડ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.
(૧)પ્રિ.ડૉ.સી.પી.પટેલ (૨)શ્રી ગૌરાંગભાઇ પટેલ (૩)શ્રી હિમાંસુભાઇ પટેલ (૪) પ્રિ.એ.ડી.શાહ

**૨(૧૩)** ડૉ.બી.આર.આંબેડકર કોલેજ ઓફ નર્સીગ,મુ.દહેગામ,જી.ગાંધીનગરની શૈ.વર્ષ.૨૦૧૦-૧૧નું પ્રથમ વર્ષ બી.એસસી.નર્સીગનું એડહોક જોડાણ લંબાવવા માટેની તેમજ દ્રિતીય વર્ષ બી.એસસી.નર્સીગનું નવુ એડહોક જોડાણ મેળવવાની આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની LIC નીમ્યાનું.
(૧)ડૉ.કિર્તીભાઇ પટેલ (૨) ડૉ.નીતાબેન વ્યાસ (૩) શ્રી ગૌરાંગભાઇ પટેલ (૪) ડૉ.સી.એસ.શર્મા

**૨(૧૪)** શુભમ ઇન્સ્ટીટયુટ ઓફ નર્સીગ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર,અસારવા,અમદાવાદ-૧૬ને સ્વનિર્ભર ધોરણે ૫૦ સીટ સાથેની નવી બી.એસસી.નર્સીગ કોલેજ ચાલુ કરવા માટે (શૈ.વર્ષ.૨૦૧૦-૧૧)INC નવી દિલ્હી તેમજ GNC અમદાવાદ દ્રારા મંજુરી આપવામાં આવેલ હોઇ જોડાણ આપવા માટે ટ્રસ્ટની અરજી પરત્વે નીચેના સભ્યોની LIC નીમ્યાનું.
(૧)ડૉ.નીતાબેન વ્યાસ (૨)ડૉ.દિલીપભાઇ પટેલ (૩)ડૉ.આનંદીબેન ચૌહાણ(૪)ડૉ.સી.એસ.શર્મા

**૨(૧૫)** એ.એમ.સી.મેટ ડેન્ટલ કોલેજ,ખોખરા રોડ,અમદાવાદ-૮ની પ્રથમ વર્ષ બી.ડી.એસ.નું એડહોક જોડાણ લંબાવવા માટે તેમજ દ્રિતીય વર્ષ બી.ડી.એસ.નું શૈ.વર્ષ.૨૦૧૦-૧૧નું નવુ જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.
(૧) ડૉ.એચ.પી.ભાલોડિયા (૨) ડૉ.મુકુલભાઇ શાહ (૩)ડૉ.પંકજભાઇ પટેલ (૪) ડૉ.આશાબેન શાહ

૨(૧૬) શ્રી ગાયત્રી કોલેજ ઓફ એજયુકેશન પાયલનગર પાસે,નરોડા,અમદાવાદની શૈ.વર્ષ.૨૦૧૦-૧૧નું બી.એડનું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.ડૉ.સી.પી.પટેલ (૨)શ્રી ગૌરાંગભાઇ પટેલ (૩)શ્રી હિમાંશુભાઇ પટેલ (૪)પ્રિ.એ.ડી.શાહ

૨(૧૭) સરકારી વિનયન કોલેજ,મુ.શહેરા,જી.પંચમહાલની શૈ.વર્ષ.૨૦૧૦-૧૧નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.પી.સી.ઉપાધ્યાય (૨) પ્રિ.ડૉ.એ.જી.કાછીયા (૩) પ્રિ.ડૉ.વિમલભાઇ જોષી (૪) પ્રિ.ડૉ.કનુભાઇ પટેલ

૨(૧૮) બી.એમ.ઇન્સ્ટીટયુટ ઓફ મેન્ટલ હેલ્થ,નહેરૂબ્રીજ,આશ્રમ રોડ,અમદાવાદ-૯ની પી.જી.ડિપ્લોમા ઇન રીહેબીલેઇએશન સાયકોલોજી (PGDRP)નું એડહોક જોડાણ લંબાવવા માટે (શૈ.વ.૨૦૧૦-૧૧) આવેલ અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું.

(૧)પ્રિ.સૌરભભાઇ ચોકસી (૨)પ્રિ.સુભાષભાઇ બ્રહમભટ્ટ (૩)પ્રિ.એચ.ડી.શીખ(૪)પ્રિ.એસ.કે.મન્સુરી

૨(૧૯) યુ.એન.મહેતા ઇન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર,સિવિલ હોસ્પિટલ કેમ્પસ,અસારવા, અમદાવાદ-૧૬ની આ યુનિવર્સિટીનાં ઓર્ડિ.૧૨૦-C- હેઠળ માન્ય સંસ્થા (Recognised Institute) તરીકેનું નવુ (એડહોક) જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું.

(૧)ડૉ.શ્રીમતી આર.જી.ભટ્ટ (૨) ડૉ.એમ.વી.રાવ (૩) ડૉ.એસ.આર.દવે (૪) ડૉ.વાય.ટી.જશરાય

૨(૨૦) ગુજરાત મેડિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી,ગુલબાઇ ટેકરા,અમદાવાદ-૧૫ની આગામી શૈ.વ.૨૦૧૦-૧૨થી સ્વનિર્ભર ધોરણે નવી (સૂચિત) મેડિકલ કોલેજ,ગાંધીનગર ખાતે ચાલુ કરવા માટે આવેલી અરજી પરત્વે કેન્સેન્ટ ઓફ એફિલીએશન પ્રમાણપત્ર સાથે LIC હેવાલ મેળવવા માટે નીચેના સભ્યોની LIC નીમ્યાનું.

(૧)ડૉ.કિર્તીભાઇ પટેલ (૨)ડૉ.એચ.પી.ભાલોડિયા (૩)ડૉ.ભરતભાઇ શાહ

૨(૨૧) ધી ગુજરાત કેન્સર સોસાયટી,અસારવા,અમદાવાદ-૧૬ની આગામી શૈ.વર્ષ.૨૦૧૧-૧૨થી નવી (સૂચિત) મેડિકલ કોલેજ ચાલુ કરવા માટે આવેલી અરજી પરત્વે કન્સેન્ટ ઓફ એફિલીએશન પ્રમાણપત્ર સાથે LIC હેવાલ મેળવવા માટે નીચેના સભ્યોની LIC નીમ્યાનું.

(૧)ડૉ.મુકુલભાઇ શાહ (૨)ડૉ.એચ.પી.ભાલોડિયા (૩)ડૉ.પંકજભાઇ પટેલ

૨(૨૨) ભોલારામ એજયુકેશન ટ્રસ્ટ,મુ.અંબાપુર,જી.ગાંધીનગરની આગામી શૈ.વર્ષ.૨૦૧૧-૧૨થી નવી (સૂચિત) ડેન્ટલ કોલેજ ચાલુ કરવા માટે આવેલી અરજી પરત્વે કન્સેન્ટ ઓફ એફિલીએશન પ્રમાણપત્ર સાથે LIC હેવાલ મેળવવા માટે નીચેના સભ્યોની LIC નીમ્યાનું.

(૧)ડૉ.કિર્તીભાઇ પટેલ (૨)ડૉ.બાબુભાઇ પરમાર (૩)ડૉ.સી.એસ.શર્મા

૨(૨૩) સર એલ.એ.શાહ લૉ કોલેજ,અમદાવાદ-૬ની શૈ.વર્ષ.૨૦૧૦-૧૧નું પી.જી.ડિપ્લોમા ઇન ઇન્ટેલ એકયુવલ પ્રોપર્ટી રાઇટસનું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાનું.

(૧) ડૉ.એસ.પી.રાઠોર (૨) શ્રી મનિષભાઇ દોશી (૩) શ્રી ગૌરાંગભાઇ પટેલ(૪)પ્રિ.ડૉ.જે.એસ.દક્ષિણી

૨(૨૪) ઓમ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત ઓમ કોલેજ ઓફ એજયુકેશન,મુ.મોટા ચિલોડા,જી.ગાંધીનગરને NCTE, ભોપાલ દ્વારા શૈ.વર્ષ.૨૦૧૦-૧૧થી બી.એડ.કોલેજ બંધ કરવા માટે મંજૂરી આપવામાં આવેલ હોઇ કોલેજ બંધ કરવા માટે ટ્રસ્ટની આવેલ અરજી પરત્વે આ યુનિવર્સિટીના ઓર્ડિ.૧૨૦-E-હેઠળ મૂકેલી સ્થાનિક તપાસ સમિતિની ભલામણને આધારે કોલેજ બંધ કરવા માટેની વિનંતી ગ્રાહ્ય રાખ્યાનું.

૨(૨૫) શ્રીમતી માલિની કિશોર સંઘવી હોમીયોપેથીક મેડિકલ કોલેજ,મુ.મિયાગામ,જી.વડોદરાની શૈ.વર્ષ.૨૦૧૦-૧૧નું પ્રથમ,દ્રિતીય વર્ષ બી.એચ.એમ.એસ.નું એડહોક જોડાણ લંબાવવા માટે તેમજ તૃતીય વર્ષ બી.એચ.એમ.એસ.નું નવુ એડહોક જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું એડહોક જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ, દ્રિતીય વર્ષ બી.એચ.એમ.એસ.<br>તૃતીય વર્ષ બી.એચ.એમ.એસ. | ૫૦ | ચાલુ<br>નવુ(એડહોક) | તા.૧-૮-૨૦૧૦ થી તા.૩૧-૭-૨૦૧૧ સુધી |

૨(૨૬) કે.એમ.પટેલ કોલેજ ઓફ એજયુકેશન,ઘાટલોડિયા,અમદાવાદ-૬૧ને NCTE,ભોપાલ દ્વારા સ્વનિર્ભર ધોરણે નવી બી.એડ.કોલેજ શૈ.વર્ષ.૨૦૦૯-૧૦થી ચાલુ કરવા માટે મંજૂરી આપવામાં આવેલ હોઇ જોડાણ આપવા માટે ટ્રસ્ટની આવેલ અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.એડ. (સ્વનિર્ભર ધોરણે) | ૧૦૦ | નવુ (એડહોક) | તા.૧૫-૬-૨૦૧૦ થી તા.૧૪-૬-૨૦૧૧ સુધી |

૨(૨૭) આકૃતિ સીટી ગોલ્ડ ઇન્સ્ટી. ઓફ ટેકનોલોજી,પાલડી,અમદાવાદ-૭ દ્વારા આ યુનિવર્સિટીના ઓર્ડિ.૧૨૦-C-હેઠળ માન્ય સંસ્થા (Recognised Institute) તરીકેનું જોડાણ શૈ.વર્ષ.૨૦૧૦-૧૧ માટે મેળવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે માન્ય સંસ્થાનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

**૨(૨૮)** અમદાવાદ ડેન્ટલ કોલેજ,રણછોડપુરા-ભાડજ રોડ, તા.કલોલ,જી.ગાંધીનગરની શૈ.વર્ષ.૨૦૧૦-૧૧નું બી.ડી.એસ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી LICની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ, દ્વિતીય, તૃતીય વર્ષ બી.ડી.એસ.<br>ચોથુ અને પાંચમુ વર્ષ બી.ડી.એસ. (સ્વનિર્ભર ધોરણે) | ૧૦૦<br>૪૦ | ચાલુ<br>(એડહોક) | તા.૧-૮-૨૦૧૦ થી<br>તા.૩૧-૭-૨૦૧૧ સુધી |

**૨(૨૯)** ગર્વનમેન્ટ (સી.એલ એન્ડ એસ.સી) સ્પાઇન ઇન્સ્ટીટયુટ અને ફિઝીયોથેરાપી કોલેજ,અસારવા,અમદાવાદ-૧૬ની બી.ફિઝીયોથેરાપીનું શૈ.વર્ષ.૨૦૧૦-૧૧નું એડહોક જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે અત્રેથી મૂકેલી LICની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| બી.ફિઝીયોથેરાપી<br>(ગ્રાન્ટેબલ ધોરણે) | ૧૦૦ | ચાલુ(એડહોક) | તા.૧-૮-૨૦૧૦ થી<br>તા.૩૧-૭-૨૦૧૧ સુધી |

**૨(૩૦)** ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,એલીસબ્રીજ,અમદાવાદ-૬ની શૈ.વર્ષ.૨૦૧૦-૧૧ માટે એડહોક જોડાણ લંબાવવા આવેલ અરજી પરત્વે ગત વર્ષની મંજૂરીના આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|
| પ્રથમ, દ્વિતીય વર્ષ બી.એ. માં રાજયશાસ્ત્ર તૃતીય વર્ષ બી.એ.માં રાજયશાસ્ત્ર | ચાલુ<br>નવુ(એડહોક) | તા.૧૫-૬-૨૦૧૦ થી<br>તા.૧૪-૬-૨૦૧૧ સુધી |

**૨(૩૧)** શુભમ ઇન્સ્ટીટયુટ ઓફ નર્સીંગ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર,૧૪૪/૧ કલાપીનગર,છેલ્લા બસ સ્ટોપ,અસારવા, અમદાવાદ-૧૬ની શૈ.વર્ષ.૨૦૧૦-૧૧ને INC નવી દિલ્હી તેમજ GNC અમદાવાદ દ્વારા

સ્વનિર્ભર ધોરણે નવી બી.એસસી.નર્સીંગ કોલેજ ચાલુ કરવા માટે મંજૂરી આપેલ હોઇ જોડાણ આપવા માટે આવેલી ટ્રસ્ટની આવેલ અરજી પરત્વે અત્રેથી મૂકેલી LICની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.એસસી. નર્સીંગ (સ્વનિર્ભર ધોરણે) | ૫૦ | નવુ (એડહોક) | તા.૧-૮-૨૦૧૦ થી તા.૩૧-૭-૨૦૧૧ સુધી |

**૨(૩૨)** જે.જી.કોલેજ ઓફ નર્સીંગ,સોલા રોડ,અમદાવાદ-૬૧ને INC નવી દિલ્હી તેમજ GNC અમદાવાદ દ્વારા સ્વનિર્ભર ધોરણે ૧૫ સીટ સાથે નવો એમ.એસસી.નર્સીંગનો અભ્યાસક્રમ ચાલુ કરવા માટે મંજૂરી આપેલ હોઇ જોડાણ આપવા માટે ટ્રસ્ટની આવેલ અરજી પરત્વે અત્રેથી મૂકેલી LICની ભલામણોને આધારે નીચે મુજબનું એડહોક જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટ | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| M.Sc.Nursing Part-I<br>Med.Surg-૦૩<br>CHN-૦૩<br>OBG-૦૩<br>PAED-૦૩<br>Psy-૦૩ | ૧૫ | નવુ (એડહોક) | તા.૧-૮-૨૦૧૦ થી તા.૩૧-૭-૨૦૧૧ સુધી |

**૨(૩૩)** ગર્વનમેન્ટ આર્ટસ,કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ,દાદરા એન્ડ નગર હવેલી (U.T.)સિલ્વાસાને ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય,નવી દિલ્હી દ્વારા નવી કોલેજ ચાલુ કરવા માટે યુનિવર્સિટીને આદેશ કરેલ હોઇ જોડાણ આપવા માટે શિક્ષણ વિભાગ, દાદરાનગર હવેલીની અરજી પરત્વે અત્રેથી મૂકેલી LICની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | ડિવીઝન | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| **પ્રથમવર્ષબી.એ.અંગ્રેજી,** સંસ્કૃત,ગુજરાતી,ઈતિહાસ,અર્થશાસ્ત્ર<br>**પ્રથમ વર્ષ બી.કોમ.** એડ.એકા.એન્ડ ઓડિટીંગ (મુખ્ય) એડ.સ્ટેટીસ્ટીકસ (ગૌણ) | એક ૧૨૦ સીટ<br>એક ૧૨૦ સીટ | નવુ (એડહોક) | તા.૧૫-૬-૨૦૧૦ થી તા.૧૪-૬-૨૦૧૧ સુધી |

૨(૩૪) ગવર્નમેન્ટ સાયન્સ કોલેજ,ખોખરા રોડ,મણીનગર(પૂર્વ) અમદાવાદની સ્વનિર્ભર ધોરણે શૈ.વર્ષ.૨૦૧૦-૧૧થી M.Sc.Biotechnology વિષયનું નવુ એડહોક જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી LICની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| M.Sc.Part-I (Biotechnology)(સ્વનિર્ભર ધોરણે)અનુસ્નાતક કેન્દ્ર | ૨૦ | નવુ (એડહોક) | તા.૧૫-૬-૨૦૧૦ થી તા.૧૪-૬-૨૦૧૧ સુધી |

**૨(૩૫)** સહજાનંદ કોલેજ ઓફ નર્સીંગ,મુ.ઝુંડાલ,તા.જી.ગાંધીનગરની શૈ.વર્ષ.૨૦૧૦-૧૧નું પ્રથમ,દ્વિતીય વર્ષ બી.એસસી.(નર્સીંગ)નું એડહોક જોડાણ લંબાવવા માટે તેમજ તૃતીય વર્ષ બી.એસસી.(નર્સીંગ)નું નવુ (એડહોક)જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી LICની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ, દ્વિતીય વર્ષ બી.એસસી. નર્સીંગ<br>તૃતીય વર્ષ બી.એસસી.નર્સીંગ (સ્વનિર્ભર ધારેણે) | ૫૦+૧૦=૬૦ | ચાલુ<br>નવુ (એડહોક) | તા.૧-૮-૨૦૧૦ થી તા.૩૧-૭-૨૦૧૧ સુધી |

**૨(૩૬)** અમદાવાદ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સીંગ સાયન્સ,મુ.લપકામણ,અમદાવાદ-૬૦ની શૈ.વર્ષ.૨૦૧૦થી કાયમી જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી LICની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ,દ્વિતીય,તૃતીય,ચતુર્થ વર્ષ બી.એસસી.નર્સીંગ(સ્વનિર્ભર ધોરણે) | ૫૦ | કાયમી | તા.૧-૮-૨૦૧૦ થી કાયમી |

**૨(૩૭)** અમદાવાદ ઈન્સ્ટીટયુટ ઓફ મેડિકલ સાયન્સીસ,મુ.લપકામણ,અમદાવાદ-૬૦ની શૈ.વર્ષ.૨૦૧૧-૧૨થી સ્વનિર્ભર ધોરણે માસ્ટર ઓફ ફિઝીયોથેરાપી (MPT) અને માસ્ટર ઓફ ઓકયુપેશનલ થેરાપી(MOT)નું

નવુ (એડહોક) જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી LICની ભલામણોને આધારે નીચે મુજબનું જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| માસ્ટર ઓફ ફિઝીયોથેરાપી(MPT) માસ્ટર ઓફ ઓકયુપેશનલથેરાપી (MOT) (સ્વનિર્ભર ધોરણે) | ૧૮ | નવુ (એડહોક) | તા.૧-૫-૨૦૧૧ થી તા.૩૦-૪-૨૦૧૨ સુધી |

**૨(૩૮)** સરકારી વાણિજય કોલેજ (અંગ્રેજી માધ્યમ) કુબેરનગર,અમદાવાદની શૈ.વર્ષ.૨૦૧૦-૧૧નું બી.કોમ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું એડહોક જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | ડિવીઝન | ઈન્ટેક | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|---|
| પ્રથમ,દ્વિતીય,તૃતીય વર્ષ બી.કોમ.(અંગ્રેજી માધ્યમ) (ગ્રાન્ટેબલ ધોરણે) એડ.એકા. એન્ડ ઓડિટીંગ (મુખ્ય) એડ.સ્ટેટ. (ગૌણ) | એક | ૧૩૦ | ચાલુ (એડહોક) | તા.૧૫-૬-૨૦૧૦ થી તા.૧૪-૬-૨૦૧૧ સુધી |

**૨(૩૯)** કર્ણાવતી સ્કુલ ઓફ ડેન્ટીસ્ટ્રી, મુ.ઉવારસદ, જી.ગાંધીનગરની શૈ.વર્ષ.૨૦૧૦-૧૧નું બી.ડી.એસ.નું એડહોક જોડાણ લંબાવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું એડહોક જોડાણ જાહેરનામું બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ, પાંચમું વર્ષ બી.ડી.એસ. (સ્વનિર્ભર ધોરણે) | ૧૦૦ | ચાલુ (એડહોક) | તા.૧-૮-૨૦૧૦ થી તા.૩૧-૭-૨૦૧૧ સુધી |

**૨(૪૦)** વૈદિક ડેન્ટલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર,મું.દમણ (U.T)ની શૈ.વર્ષ.૨૦૧૦-૧૧નું પ્રથમ વર્ષ બી.ડી.એસ.નું એડહોક જોડાણ લંબાવવા માટે તેમજ દ્વિતીય વર્ષ બી.ડી.એસ.નું (એડહોક) જોડાણ મેળવવા

માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસ સમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું એડહોક જોડાણ જાહેરનામુ બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.ડી.એસ.<br>દ્વિતીય વર્ષ બી.ડી.એસ.<br>(સ્વનિર્ભર ધોરણે) | ૧૦૦ | ચાલુ<br>નવુ(એડહોક) | તા.૧-૮-૨૦૧૦ થી<br>તા.૩૧-૭-૨૦૧૧ સુધી |

**૨(૪૧)** એપોલો ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ,પ્લોટ નં-૧/એ.જી.આઇ.ડી.સી.એસ્ટેટ,મું.ભાટ,જી.ગાંધીનગરની શૈ.વર્ષ-૨૦૧૦-૧૧નું પ્રથમ વર્ષ બી.એસસી.(નસિંગ)નું એડહોક જોડાણ લંબાવવા માટે તેમજ દ્વિતીય વર્ષ બી.એસસી.(નર્સિંગ)નું નવુ (એડહોક)જોડાણ મેળવવા માટે આવેલી અરજી પરત્વે અત્રેથી મૂકેલી સ્થાનિક તપાસસમિતિની ભલામણોને આધારે નીચે મુજબનું એડહોક જોડાણ જાહેરનામું બહાર પાડયાનું.

| વિષયો-અભ્યાસક્રમો | સીટો | જોડાણ પ્રકાર | મુદત |
|---|---|---|---|
| પ્રથમ વર્ષ બી.એસસી. (નર્સિંગ)<br>દ્વિતીય વર્ષ બી.એસસી. (નર્સિંગ)<br>(સ્વનિર્ભર ધોરણે) | ૫૦ | ચાલુ<br>નવુ<br>(એડહોક) | તા.૧-૮-૨૦૧૦ થી<br>તા.૩૧-૭-૨૦૧૧ સુધી |

**૨(૪૨)** આ યુનિવર્સિટી સંલગ્ન જુદી જુદી વિદ્યાશાખાની કોલેજોના આચાર્યો અને અધ્યાપકોને ઓર્ડિનન્સ-૯૭ હેઠળ માન્યતા આપયાનુ.

**૨(૪૩)** યુનિવર્સિટી દ્વારા યોજાયેલ વિવિધ પરીક્ષાઓમાં ગેરરીતિ આચરતા પકડાયેલ વિદ્યાર્થીઓના કેસ બાબતે વર્ષ-૨૦૧૦માં તા.૨૦-૬-૨૦૧૦ તથા તા.૨૪-૭-૨૦૧૦ના રોજ મળેલ પરીક્ષા શુધ્ધિસમિતિની સભાની ભલામણ મંજૂર કર્યાનું.

**ઠરાવઃ આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલા ઉપરોક્ત ક્રમાંક ૨(૧) થી ૨(૪૩) સુધીના કાર્યોની નોંધ લેવી.**

**બા.ક-૩:** ગુજરાત યુનિવર્સિટીના સમાજવિધા ભવનમાં એસોસીએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપક શ્રી પી.પી. પ્રજાપતિને કુલપતિશ્રીએ ગુજરાત યુનિવર્સિટી એકટની કલમ ૧૧(૪) હેઠળ તેમને મળેલ સત્તા અન્વયે તા.૧૬/૦૯/૨૦૧૦ના રોજથી ફરજમોકૂફી હેઠળ મૂકેલ છે, જે કાર્યને બહાલી આપવા અંગે.

**ઠરાવઃ આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રી ધ્વારા ગુજરાત યુનિવર્સિટીના સમાજવિધા ભવનમાં એસોસીએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપક શ્રી પી.પી. પ્રજાપતિને**

ફરજમોકૂફી (Suspension) હેઠળ મૂકવામાં આવેલા કાર્યને ગુજરાત યુનિવર્સિટી એક્ટ અને ટ્રીબ્યુનલ એક્ટ, ૧૯૮૩ના સેકશન-૧૫ (નીચે દર્શાવેલ છે)માંની જોગવાઇઓ મુજબ તમામ બાબતો Ratify અને મંજૂર કરવામાં આવે છે તથા સ્વીકાર અને નિયમો મુજબ કાર્યવાહી થયેલી ગણવી તેમજ ઉપરોકત તેમજ અન્ય આક્ષેપો સામે યોગ્ય તે તમામ કાગદેસરની કાર્યવાહી જેવી કે પોલીસ ફરિયાદ, તપાસ સમિતિની નિમણૂંક વગેરે રાજય સરકારશ્રી તેમજ માનનીય કુલાધિપતિશ્રીનું ધ્યાન દોરી માર્ગદર્શન મેળવવાની તેમજ અન્ય કોઇપણ આનુષંગિક કાર્યવાહી અને ખર્ચ કરવાની સંપૂર્ણ સત્તા એકિઝકયુટિવ કાઉન્સિલ વતી કુલપતિશ્રીને આપવામાં આવે છે.

**"15. Suspension of University employee pending inquiry:-**

Where a University employee is suspended pending any inquiry proposed to be held against him, the employee shall, during the period of suspension, be entitled to such subsistence allowance and on such conditions as may be prescribed.

Provided that where an order of suspension is made by an officer or authority, not being the disciplinary authority, the facts of such suspension together with the grounds therefore shall be communicated by the officer, or, as the case may be, authority within seven days after such suspension to the disciplinary authority and such suspension shall be subject to the ratification by the disciplinary authority within a period of forty five days from the date of the receipt of the communication by the disciplinary authority and where such ratification is not communicated to the officer or authority making the order of suspension with in the said period of forty five days, the suspension of the employee shall cease to have effect on the expiry of such period."

**બા.ક-૪:** તા.૨૩-૦૮-૨૦૧૦ના રોજ મળેલ હાઇપાવર કમિટિની ભલામણો પરત્વે ચર્ચા-વિચારણા કરવા બાબત.

નોધ-તા.૨૩-૦૮-૨૦૧૦ની હાઇપાવર કમિટિની ભલામણો **પરિશિષ્ટ-૧** તરીકે સામેલ છે.

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે હાઈપાવર કમિટિની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવો.**

બા.ક.૫: ગુજરાત યુનિવર્સિટીના નીચે જણાવેલ કર્મચારીઓનો સમાવેશ ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલના રેફરન્સ/આઇટી/૪૭૫/૧૯૮૧ના એવોર્ડમાં થયેલ હતો. આમ તેઓ યુનિવર્સિટીના રેગ્યુલર કર્મચારી છે,પરંતુ શરતચૂકથી તેઓનો સમાવેશ ૧૬૭ કર્મચારીઓની યાદીમાં થયેલ હોવાથી તેઓને છઠા પગારપંચનો લાભ આપવામાં આવેલ નથી. આ બાબતે એડવોકેટશ્રી શેલત સાહેબનો અભિપ્રાય લેતા તેઓએ જણાવેલ છે કે તેઓનો સમાવેશ ૧૯૮૧ના એવોર્ડમાં થયેલ હોય તો તેઓને કાયમી કર્મચારી ગણી તમામ લાભ આપી શકાય. એડવોકેટશ્રીનો અભિપ્રાય ધ્યાને લઇને નીચેના કર્મચારીને કાયમી કર્મચારી ગણવા તથા તેઓને મળવાપાત્ર તમામ લાભ આપવા.

| કર્મચારીનુ નામ | હોદો |
|---|---|
| ૧: શ્રી મહેન્દ્ર આર.પટેલ | ચોકીદાર |
| ૨: શ્રી પ્રકાશ કે.સોઢા | પટાવાળા |
| ૩: શ્રી આર.વી.ચૌહાણ | પટાવાળા |
| ૪: શ્રી કચરાજી વી.ચાવડા | પટાવાળા |
| ૫: શ્રી એ.સી.રાઠોડ | પટાવાળા |

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે એડવોકેટશ્રીનો અભિપ્રાય ધ્યાને લઇને ઉપરોકત પાંચ રેગ્યુલર કર્મચારીને કાયમી કર્મચારી ગણવા તથા તેઓને મળવાપાત્ર તમામ લાભ આપવા.**

બા.ક.૬: તા.૨૬-૯-૨૦૧૦ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોકત સભાની ભલામણોનો સ્વીકાર કરવો.**

બા.ક-૭: યુનિવર્સિટીમાં તા.૧-૪-૮૨ પછી જોડાયેલ તથા રાજ્ય સરકારની મંજુરીની અપેક્ષાને આધીન જુદી જુદી જગ્યાઓ પર ફરજ બજાવતા વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને ગુજરાત સરકારના ઠરાવ ક્રમાક-પગર/૧૧૯૪-૪૪મ તા.૧૬-૮-૧૯૯૪ પ્રમાણે ૯,૧૮,૨૭ વર્ષે મળતા લાભો તથા ઠરાવ ક્રમાક-પગર/૧૦૨૦૦૭/૬૧૫મ તા.૨-૭-૦૭ મુજબ ૧૨,૨૪ વર્ષે મળતા હાયરગ્રેડ અંગેના લાભો મળેલ નથી. તે અંગે જુદા જુદા કર્મચારીઓ તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા અંગે.

ઠરાવ: **આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારશ્રીની મંજૂરીને આધીન ઉપરોકત કર્મચારીઓને હાયરગ્રેડ અંગેના લાભો આપવાનું મંજુર કરવું.**

**આ ઉપરાંત સભાગૃહની કાર્યવાહી દરમ્યાન સર્વાનુમતે નીચેનો ઠરાવો કરવામાં આવ્યા હતા:**

**(૧) સમાજવિદ્યા ભવનમાં એસોસીએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપક શ્રી પી.પી. પ્રજાપતિએ કુલપતિશ્રી સામે કરેલા આક્ષેપોની તપાસ કરવા બે સભ્યો સર્વશ્રી નરહરિભાઇ**

અમીન અને ડો. મુકુલભાઇ શાહની કમીટી બનાવવાનું રાખવું, જે કમીટી શ્રી પ્રજાપતિને રૂબરૂ સાંભળીને તપાસ અહેવાલ આપવાનું રાખશે.

(૨) છઠ્ઠા પગારપંચ મુજબના સુધારેલા પગારધોરણનો લાભ પેન્શન સહિત આપવામાંથી વંચિત રાખવામાં આવેલા ગુજરાત યુનિવર્સિટીના ૧૬૭ બિન-શૈક્ષણિક કર્મચારીઓને કાયમી કર્મચારીઓ તરીકની નિમણૂંકને એકિઝકયુટિવ કાઉન્સિલની જે તે સમયે મળેલ સભાએ મંજૂરી આપ્યાના કરેલ ઠરાવો મુજબ છઠ્ઠા પગારપંચ મુજબના તમામ લાભો ૧૬૭ બિન-શૈક્ષણિક કર્મચારીઓને વિલંબ કર્યા વગર તાકિદે આપવા સરકારશ્રીમાં રજૂઆત કરવાનું રાખવું.

(૩) ચાલું શૈક્ષણિક વર્ષથી સેલ્ફ ફાયનાન્સ નર્સીંગની કોલેજ માટે વિધ્યાર્થી દીઠ રૂ.૫૦૦૦/-, ફિઝીયોથેરાપીની કોલેજ માટે વિધ્યાર્થી દીઠ રૂ.૫૦૦૦/-,અને બી.એડની કોલેજ માટે વિધ્યાર્થી દીઠ રૂ.૧૦૦૦/- ડેવલપમેન્ટ ફંડ લેવાનું મંજુર કરવાનું રાખવું.

(૪) શ્રી સહજાનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધ્વારા તાજેતરમાં તમામ કક્ષાએ ઉભા થયેલા પ્રશ્નોનું નિરાકરણ કરી લેતા અને ભવિષ્યમાં કોલેજની શૈક્ષણિક કામગીરીને અડચણરૂપ એવી કોઈપણ પ્રવૃત્તિનું પૂનઃ નિર્માણ નહીં થાય અને ગુજરાત યુનિવર્સિટીના નિયમોનું પાલન કરશે એવી ખાત્રી આપતા, અગાઉ ગુજરાત યુનિવર્સિટીના આદેશોનો અમલ નહીં કરવા માટે કરવામાં આવેલ રૂ.૧૫,૦૦,૦૦૦/-નો દંડ લેવાનું મોકૂફ રાખવું.

(૫) એકિઝકયુટિવ કાઉન્સિલના સભ્યશ્રીઓમાંથી એકેડેમિક કાઉન્સિલ પર નીમવાના થતા બે સભ્યશ્રીઓ તરીકે (૧) શ્રી નરહરિભાઇ અમીન અને (૨) ડો. મુકુલભાઇ શાહને નીમવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું હતું.

(૬) આગામી વાર્ષિક પદવીદાન સમારંભના મુખ્ય મહેમાન નકકી કરવાની સત્તા માન.કુલપતિશ્રીને આપવી.

(૭) એજયુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરના કુ. માલતી વી. મહેતાને ડેપ્યુટેશન પર સરકારશ્રીમાં જવા માટે મંજૂરી આપવી.

(૮) ચાલું શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧થી નવું જોડાણ આપવામાં આવેલ નીલદીપ કોલેજ ઓફ કોમર્સ (સેલ્ફ ફાઇનાન્સ) કોલેજ, અમદાવાદને શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨થી હાલના ત્રણ વર્ગો ઉપરાંત વધુ એક વર્ગ વધારવાની મંજૂરી આપવી.

એમ. એસ. શાહ
કા.કુલસચિવ

નં: એકેડેમિક/૧૫૮-૨૦/૨૦૧૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯.
તા. ૨૪-૦૯-૨૦૧૦

E.C. ના. ૨૬/૮/૧૦
બા.ક્ર. ૪
પરિશિષ્ટ ૧

# ગુજરાત યુનિવર્સિટી

નં. / એસ્ટેટ / હા.પા. / 2308/2010
તા. 23/08/10

ગુજરાત યુનિવર્સિટી હાઇપાવર કમિટીની એક સભા તા. તા. 23/08/2010 ના રોજ 17:00 કલાકે યુનિ.કાર્યાલય ખાતે મળી હતી. જેનું પ્રમુખ સ્થાન મા.કુલપતિશ્રી પરીમલ.એચ.ત્રિવેદી સાહેબે સંભાળ્યુ હતુ. સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| | | |
|---|---|---|
| ( 1 ) | મા.કુલપતિશ્રી, | હાજર |
| ( 2 ) | મા.ઉપકુલપતિશ્રી | --- |
| ( 3 ) | શ્રી નરહરીભાઇ અમીન | હાજર |
| ( 4 ) | શ્રી સુરેન્દ્રભાઇ પટેલ | હાજર |
| ( 5 ) | શ્રી અનિલભાઇ બકેરી, | ગેરહાજર |
| ( 6 ) | શ્રી બકુલભાઇ અમીન | ગેરહાજર |
| ( 7 ) | મા.કુલસચિવશ્રી | હાજર |
| ( 8 ) | ચીફ એકાઉન્ટ ઓફીસરશ્રી, | હાજર |
| ( 9 ) | યુનિ.ઇજનેરશ્રી | હાજર |

બા.ક : ( 1 ) તા. 13 / 7 /2010 ના રોજ મળેલ હાઇપાવર કમિટીની કાર્યવાહી નોંધ મંજૂર કરવા બાબત.
નોંધ: પરિશિષ્ટ ' 1 ' તરીકે સામેલ છે.

ઠરાવ: ( 1 ) તા. 13 / 7 /2010 નારોજ મળેલ હાઇપાવર કમિટીની કાર્યવાહી નોંધ વંચાણે લઇ સર્વાનુંમતે મંજુર કરવામાં આવી.

બા.ક: ( 2 ) ગુજ.યુનિ.કેમ્પસ પર નવા બનતા કન્વેન્શન સેન્ટર માટે જુદાજુદા કામો ના કોન્ટ્રાકટરો ને ઇલેકટ્રીકલ તેમજ વોટર સપ્લાય મે. ઉદય બિલ્ડકોન પ્રા.લી દ્વારા પુરા પાડેલ વીજ પુરવઠા ના રેટ ફાઇનલાઇઝ કરવા ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ: ( 2 ) ઉપરોકત બાબતે લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજ.યુનિ.કેમ્પસ પર નવા બનતા કન્વેન્શન સેન્ટર માટે જુદાજુદા કામો ના કોન્ટ્રાકટરો ને ઇલેકટ્રીકલ તેમજ વોટર સપ્લાય મે. ઉદય બિલ્ડકોન પ્રા.લી દ્વારા પુરા પાડેલ વીજ પુરવઠા ના રેટ ફાઇનલાઇઝ કરવા અંગે કોન્ટ્રાકટર મે. ઉદય બિલ્ડકોન પ્રા.લી તેમજ કન્સલ્ટંટ મે.એલ.જે.પુરાણી એન્ડ એસો. દ્વારા પ્રમાણિત કરેલ સ્ટેટમેન્ટ પત્ર મુજબ કુલ રકમ ₹ 19,84,876/- આવેલ છે. જે અંગે કન્સલ્ટંટ મે.એલ.જે.પુરાણી એન્ડ એસો.તેમજ આર્કિટેક/સ્ટ્રકચરલ એન્જિ. મે.દેવેન્દ્ર શાહ દ્વારા નેગોશિયેશન કરાવી, કોન્ટ્રાકટર મે. ઉદય બિલ્ડકોન પ્રા.લી ને ચુકવવાનું રાખવું.

બા.ક: ( 3 ) ગુજ.યુનિ.કેમ્પસ પર નવા બનતા કન્વેન્શન સેન્ટર માટે સીવીલ કામોના કોન્ટ્રાકટર મે. ઉદય બિલ્ડકોન પ્રા.લી.ના એક્ષ્ટ્રાઆઇટમો અંગે કન્સલટંટ એલ.જે.પુરાણી એન્ડ એસો ના પત્ર નં: LJP&A/GUJ/CC/L-299 તા. 9/7/2010 થી ભલામણ કરી આપેલ છે. જે અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ: ( 3 ) ઉપરોકત બાબતે લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજ.યુનિ.કેમ્પસ પર નવા બનતા કન્વેન્શન સેન્ટર માટે સીવીલ કામોના કોન્ટ્રાકટર મે. ઉદય બિલ્ડકોન પ્રા.લી.ના એક્ષ્ટ્રાઆઇટમો કન્સલટંટ એલ.જે.પુરાણી એન્ડ એસો ના પત્ર નં: LJP&A/GUJ/CC/L-299 તા. 9/7/2010 થી ભલામણ કરેલ છે. જે એક્ષ્ટ્રાઆઇટમો મંજુર કરવાનું રાખવું.

બા.ક: ( 4 ) ગુજ.યુનિ.કેમ્પસ પર નવા બનતા કન્વેન્શન સેન્ટર માટે સ્ટ્રકચરલ એન્જિનિયર મે. દેવેન્દ્ર ભાઇ શાહ ના તા. 07/08/2010 પત્ર થી આવેલ રીવાઇઝ અંદાજો ₹ 45,97,25,310 /- તેમજ બેઝીક રેટ ડીફરન્સ તથા એડીશ્નલ વર્ક ના ₹ 2,82,79,469/- આવેલ છે. આમ કુલ ખર્ચ ₹ 48,80,04,779/- થાય છે. જે અંગે ચર્ચા વિચારણા કરવા બાબત.

ઠરાવ: ( 4 ) લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજ.યુનિ.કેમ્પસ પર નવા બનતા કન્વેન્શન સેન્ટર માટે સ્ટ્રકચરલ એન્જિનિયર મે. દેવેન્દ્ર ભાઇ શાહ ના તા. 07/08/2010 પત્ર થી આવેલ રીવાઇઝ અંદાજો ₹ 45,97,25,310 /- તેમજ બેઝીક રેટ ડીફરન્સ તથા એડીશ્નલ વર્ક ના ₹ 2,82,79,469/- આવેલ છે. આમ કુલ ખર્ચ ₹ 48,80,04,779/- થાય છે. જે કુલ ખર્ચ ₹ 48,80,04,779/- મંજુર કરવાનું રાખવું.

બા.ક: ( 5 ) ગુજ.યુનિ.કેમ્પસ પર નવા બનતા કન્વેન્શન સેન્ટર ના તમામ કામો ના કોન્ટ્રાક્ટર માટે ની સમય મર્યાદા તા. 30/06/10 રોજ પૂર્ણ થયેલ છે. જે વધારવા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત

ઠરાવ: ( 5 ) લંબાણપૂર્વક ચર્ચા વિચારણાને અંતે આથી એકિઝકયુટીવ કાઉન્સીલને ભલામણ કરવામાં આવે છે કે ગુજ.યુનિ.કેમ્પસ પર નવા બનતા કન્વેન્શન સેન્ટર ના તમામ કામો ના કોન્ટ્રાક્ટર માટે ની સમય મર્યાદા પ્રોજેક્ટ કન્સલટંટ મે. એલ.જે.પુરાણી એન્ડ એસો, સ્ટ્રકચરલ એન્જિનિયર મે. દેવેન્દ્ર ભાઇ શાહ તેમજ આર્કીટેક મે.કમલમંગલ દાસ દ્વારા કરેલ ભલામણ મુજબ તા. 30/11/10 સુધી વધારી આપવાનું રાખવું.

બા.ક: ( 6 ) પ્રમુખશ્રીની પરવાનગીથી અન્ય જે કોઇ બાબત રજુ થાય તે.

ઠરાવ: ( 6 ) પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજુ કરવામાં આવી.

(1) ગુજ.યુનિ.કેમ્પસ પર નવા બનતા કન્વેન્શન સેન્ટર હોલ માટે ચેર (ખુરસી) ખરીદી અંગે ₹ 2500/- થી ₹ 4000/- નો ખર્ચ પ્રતિ ચેર ની મર્યાદામાં મંજુર કરી ચેર ખરીદી કરવાનું રાખવું.તેમજ ઉપરોક્ત કામો અંગેની તમામ સત્તા મા.કુલપતિશ્રીને સોંપવાનું રાખવું.

(2) ગુજ.યુનિ.કેમ્પસ પર નવા બનતા કન્વેન્શન સેન્ટરના એરકન્ડિશનીંગ કામો (ફેઝ-3) અંગે સ્ટ્રકચરલ એન્જિનિયર મે. દેવેન્દ્ર ભાઇ શાહ દ્વારા કોન્ટ્રાકટરો પાસેથી મંગાવેલા અને આવેલા કોટેશનો ના ભાવો નું કમ્પેરેટીવ સ્ટેટમેન્ટ તેમના પત્ર તા. 8 જુલાઇ 2010 થી મોકલી આપેલ છે. જે પરત્વે ફર્સ્ટ લોએસ્ટ વેપારી મે.હીટાચી તેમજ સેકન્ડ લોએસ્ટ વેપારી મે.વોલ્ટાસ.લી.ને મા.કુલપતિશ્રી સમક્ષ નેગોશિયેશન માટે રૂબરૂ બોલાવતાં વેપારી મે. હીટાચી દ્વારા તેમના નેગોશિયેશન પત્ર તા. 23/08/2010 મુજબ કુલ ₹ 1,84,00,000/- તેમજ વેપારી મે. વોલ્ટાસ.લી દ્વારા તેમના નેગોશિયેશન પત્ર તા. 23/08/2010 મુજબ કુલ ₹ 1,84,00,000/- નેગોશિયેશન ભાવો કરી આપેલ છે. જે અંગે ફર્સ્ટ લોએસ્ટ વેપારી મે.હીટાચીનો કુલ ખર્ચ ₹ 1,84,00,000/- મંજુર કરી તેઓને કામો સોંપવાનું રાખવું.

(3) ગુજ.યુનિ.કેમ્પસ પર નવા બનતા કન્વેન્શન સેન્ટર માટે સાફસફાઇ, સિક્યોરીટી વ્યવસ્થા કરવાનું તેમજ તેનો સ્ટાફ,મેનેજર અને સિક્યોરીટી માટે આર્મી કક્ષાના માણસની નિમણૂંક કરવાની તેમજ તેના તમામ ખર્ચ મંજુર કરવાની સત્તા મા.કુલપતિશ્રીને સોંપવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પુરું થયેલ હતું.

કા. કુલસચિવ.